ગાંધીનગર સમાચાર

# વિકાસને જનઆંદોલન બનાવીએ : મોદી

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં રાષ્ટ્રપતિના ભાષણ ઉપર ચર્ચાનો જવાબ આપતા આજે તમામ મુદ્દાઓ ઉપર પ્રકાશ ફેંક્યો હતો. મોદીએ સંસદમાં પ્રથમ ભાષણ આપતીવેળા સાફ શબ્દોમાં કહ્યું હતું કે, દેશમાં કોઈપણ પરીવાર ઘર વગરના ન રહે તેની ખાતરી કરવા સરકાર કટીબદ્ધ છે. દરેક ઘરમાં વિજળી અને પાણીની સુવિધાને અમે સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવા જઈ રહ્યા છીએ. આને પૂર્ણ કરવા માટે તમામ પગલા લેવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, અમારી દુનિયામાં સ્કેમ ઈન્ડિયા તરીકેની ઓળખ બની છે. પરંતુ અમે અમારી ઓળખ નવી ઉભી કરનાર છીએ અને સ્કેમ ઈન્ડિયાને સ્કીલ ઈન્ડિયા બનાવવાની જરૂર છે. અમે આ સ્વપ્નને પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. એક અલગ મંત્રાલય બનાવવામાં આવશે. સ્કીલ ડેવલપમેન્ટની તકો ઉભી કરવામાં આવશે. મોદીએ દરેક મુદ્દા પર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, વર્ષો બાદ દેશના લોકોએ સ્થિર શાસન માટે અને વિકાસ માટે મતદાન કર્યું છે. સુશાસન માટે મતદાન કરીને પાંચ વર્ષ માટે વિકાસની યાત્રાને નક્કી કરી દીધી છે. ભારતના મતદારોની આ ચિંતા દૂર કરવાનો હવે સમય આવી ગયો છે કે, તેમની કોઈ વ્યક્તિ સાંભળનાર નથી. મતદારોએ જે જવાબદારી આપી છે તે જવાબદારીને ઈમાનદારી પૂર્વક પૂર્ણ કરવામાં આવશે. વિશ્વભરમાં ભારત એક મોટી લોકશાહી સત્તા તરીકે છે. આમાં અમારો ઉલ્લેખ કરવામાં આવે છે. અમારી પરંપરા ખૂબ ઉંચી છે પરંતુ આને દુનિયાની સમક્ષ યોગ્યરીતે રજૂ કરવાનો સમય આવી ગયો છે. તેમણે એમપણ કહ્યું હતું કે, સમગ્ર યુરોપ અને અમેરિકામાં મળીને જેટલા મતદારો છે તેનાથી વધારે લોકો ભારતમાં ચુંટણીમાં સામેલ થાય છે. આ બાબતને વિશ્વસમક્ષ રજૂ કરવાનો સમય આવી ગયો છે. કેટલીક બાબતોમાં ૧૨૦૦ વર્ષની ગુલામીની માનસીકતા પ્રભાવિત કરે છે પરંતુ હવે આગળ વધવાનો સમય આવી ગયો છે. તમામ બાબતોમાંથી મુક્ત થઈને હવે વિશ્વની સામે તાકતવર તરીકે રજૂ થવા, આંખોથી આંખો મિલાવીને ચાલવાનો સમય આવી ગયો છે. ૧૨૫ કરોડ લોકોની તાકતને એક સાથે રજૂ કરવામાં આવશે. દેશના લોકો કોઈ કોઈના ઉપર આધાર રહેવા માટે ઈચ્છુક નથી જેથી દરેક વ્યક્તિ માટે રોજગારની તકો ઉપલબ્ધ બને તે જરૂરી છે. ગરીબી સામે લડવાનું સૌથી મોટા હથિયાર તરીકે શિક્ષણ છે. અંધવિશ્વાસમાંથી મુક્તિમાંથી બહાર આવવાનો સમય છે. જો અમે શિક્ષણમાં આગળ વધીશું તો ઝડપથી આગળ વધી શકીશું. મૂળભૂત તાકતને વધારવાની જરૂર છે. સુવિધા શહેરની અને આત્મા ગામની રહે તે જરૂરી છે. જ્યાં સુવિધા શહેરની અને આત્મા ગામની રહે છે ત્યાં ઝડપથી વિકાસ થાય છે. ગામના લોકોને પણ આધુનિક સુવિધા મળે તે જરૂરી છે. જો ગામના લોકોને પણ સુવિધા આપવામાં આવે તો દેશના વિકાસમાં વધારે યોગદાન આપી શકે છે. જો ગામને ૨૪ કલાક વિજળી, ઈન્ટરનેટ કનેક્શન અને સ્કુલ શિક્ષણ મળે તો ગામના લોકો પણ ઝડપથી આગળ વધી શકે છે. જો ગામના લોકોને રોજગાર મળશે તો તેમને બહાર



જવાની જરૂર પડશે નહીં. ગામમાં ઉદ્યોગનો વિકાસ થાય, એગ્રો આધારિત ઈન્ડસ્ટ્રીઝ સ્થાપિત થાય તો ગામના જનજીવનને બદલી શકાય છે. અમને આધુનિક કૃષિની તરફ આગળ વધવાની જરૂર છે. ગુજરાતમાં અમે સ્વાઈલ હેલ્થકાર્ડના પગલા લઈ ચુક્યા છીએ. જેથી ખેડૂતોને આ બાબતની જાણ થઈ કે, તેની જમીન કયા પાર્ટ માટે યોગ્ય છે. કાર્ડ બનવાથી એ વાતની જાણ થઈ કે, તે હકીકતમાં યોગ્ય પેદાશમાં છે કે કેમ. મોંઘવારીને ઘટાડવાની અમે વાત કરી ચુક્યા છીએ આના માટે અમે પ્રામાણિક્તાથી પગલા લઈ રહ્યા છીએ. માત્ર ચુંટણી વચનને પૂર્ણ કરવા માટે આ કામ અમે કરી રહ્યા નથી પરંતુ અમે માનીએ છીએ કે,ગરીબના ઘરમાં સાંજે ભોજનની વ્યવસ્થા થવી જોઈએ ગરીબોના બાળકો આંસુ પીને સુઈ ન જાય તેની ખાતરી કરવી જોઈએ.

## ચીન વૃદ્ધ થઈ રહ્યું છે અને ભારત જવાન : વડાપ્રધાન

નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, ચીનમાં લોકોની વય ઝડપથી વધી રહી છે. ચીન વૃદ્ધ થઈ રહ્યું છે જ્યારે ભારત જવાન થઈ રહ્યું છે. આ દેશની ૬૫ ટકા વસ્તીની વય ૩૫થી ઓછી છે. અમે ખૂબ જ ભાગ્યશાળી છીએ. અમે એવા યુગમાં જીવીત છીએ જ્યાં વસ્તીની વય ખૂબ ઓછી છે. પડોશી દેશ ચીન વૃદ્ધ થઈ રહ્યું છે અમે જવાન થઈ રહ્યા છીએ. દુનિયાના તમામ દેશનો એક જ એજન્ડા રહે છે અને તે સ્કીલ ડેવલપમેન્ટ છે. શ્રમ અને જયતેને ચરિતાર્થ કરવાનો સમય છે.

## નરેન્દ્ર મોદીએ શું કહ્યું.......

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નવમી જુનના દિવસે સંસદમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા આપવામાં આવેલા ભાષણનો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, તેમની સરકાર રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવેલા વચનોને પરિપૂર્ણ કરશે. લોકસભામાં તેમના પ્રથમ ભાષણમાં મોદીએ શું કહ્યું તે નીચે મુજબ છે.

- રાષ્ટ્રપતિ દ્વારા રજૂ કરવામાં આવેલી રૂપરેખાને અમલી બનાવવામાં તમામ તાકાત લગાવાશે
- ગરીબી સામે લડવા સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે
- જો ગામોનો વિકાસ કરવામાં આવશે તેમને ૨૪ કલાક વીજળી, શિક્ષણ, પાણી અપાશે તો ગામો પણ વિકાસમાં યોગદાન આપશે
- એગ્રો આધારીત ઈન્ડસ્ટ્રીઝ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર
- સૌથી ગરીબ લોકોની સેવા કરવાનો સમય આવી ગયો છે
- ભાવ વધારાને કાબૂમાં લેવા માટે સરકાર કટિબદ્ધ છે
- કોઈપણ વ્યક્તિ રાત્રે ભુખ્યા ન સુઈ જાય તેની ખાતરી કરવામાં આવશે
- ભાવ વધારાને કાબુમાં લેવા કૃષિ પેદાશો ઉપર રિયલ ટાઈમ ડેટાની જરૂર
- બળાત્કારના ધ્રુવીકરણને રોકવાની જરૂર
- મહિલાઓના ગૌરવ સાથે રમવું ન જોઈએ
- મહિલાઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવાનો સમય
- પાંચ વર્ષ બાદ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કઈ રીતે કરીશું તેની તૈયારી હવેથી કરવાનો સમય છે
- મુસ્લિમોના જીવન ધોરણને સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરાશે
- વિકાસમાં મુસ્લિમોએ પણ ભુમિકા ભજવવી જોઈએ
- સ્કેમ ઈન્ડિયાની છાપને સુધારીને સ્કીલ ઈન્ડિયામાં પરિવર્તીત કરાશે
- લોકશાહીમાં ટિકા ટિપ્પણીથી તે વધારે તે મજબૂત બને છે
- ભ્રષ્ટાચારને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં
- લોકસભામાં ૫૦થી વધારે સભ્યોએ વિચાર રજૂ કર્યા બાદ મોદીએ જવાબ આપ્યા
- દેશના લોકોએ સ્થિર સરકાર માટે પ્રચંડ બહુમતી આપી છે
- ૧૨૫ કરોડ લોકોની તાકાતને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો સમય છે
- દેશના કોઈ પરિવાર ઘર વગરના ન રહે તે જરૂરી
- કૃષિ યુનિવર્સિટીઓને વધારે ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે
- આધુનિક કૃષિ તરફ આગળ વધવાનો સમય છે
- દેશમાં અનાજ ભંડારો ભરેલા છે પરંતુ વ્યવસ્થાનો અભાવ છે
- મહિલાઓ સામે બનેલી ઘટનાઓ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે આને રોકવાની જરૂર




બાળ મજુરીના દુષણોને નાથવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. બાળ મજુરી નિષેધ દિને પટીયાલાની એક શાળાના બાળકો અને શિક્ષકો બાળ મજુરી અંગેના કાર્યક્રમમાં ભાગ લેતા નજરે પડી રહ્યા છે.

## મોનસુનમાં વિલંબથી ચીજ વસ્તુઓના ભાવમાં વધારો

મુંબઈ,તા. ૧૧

મોનસુનમાં વિલંબ થવાની વારંવારની અટકળોના પરિણામ સ્વરૂપે ખાદ્યાન ચીજવસ્તુઓમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક પખવાડીયાના ગાળામાં જ ડુંગળી અને બટાકાની છુટક કિંમતમાં પાંચથી છ રૂપિયા સુધીનો વધારો થઈ ચુક્યો છે અને ભાવ ૧૮-૨૦થી ૨૪-૨૬ રૂપિયા સુધી પહોચી ગયા છે. હાલમાં પ્રચંડ વાવાઝોડા અને વરસાદના કારણે ભારે નુકશાન થયું છે. સરકાર અનાજ, બટાકા અને ડુંગળીનો પૂરતા પ્રમાણમાં ભંડોળ ધરાવે છે. ડુંગળીની નિકાસ ફરી એકવાર લઘુત્તમ નિકાસ કિંમત ઉપર આધારીત રહેશે. પ્રવર્તમાન બજાર કિંમત કરતા આ આંકડો ઉંચો રહી શકે છે. કેબીનેટ સચિવ દરેક પખવાડિયામાં પરિસ્થિતિની સમીક્ષા કરશે. અગાઉના શાસન દરમિયાન ભાવની માસિક સમીક્ષાના બદલે હવે દરેક પખવાડિયામાં ચીજવસ્તુઓની કિંમતની સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે.

## ડોલરની સામે રૂપિયો ૫૯.૨૮ની સપાટીએ

મુંબઈ,તા.૧૧

ડોલર સામે રૂપિયો આજે ૫૯.૨૮ની સપાટીએ રહ્યો હતો. દિવસ દરમિયાન રૂપિયો ૫૯.૨૮-૫૯.૩૬ની રેન્જમાં રહ્યો હતો. પરંતુ ત્યારબાદ અંતે ૫૯.૨૮ની સપાટી રહી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ તેની પોલીસી સમીક્ષામાં વ્યાજદર યથાવત રાખ્યા હતા. ગઈકાલે ડોલર સામે રૂપિયો ૫૯.૨૯ની સપાટીએ રહ્યો હતો. કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો મે મહીનામાં ૮.૪ ટકા રહી શકે છે જે એપ્રિલમાં ૮.૫૯ ટકા હતો.

## સમાચાર ઝલક

- પ્રિયંકા ચોપડા નંબર વન અભિનેત્રી બની ચુકી છે.
- તમામ પ્રધાનોની મિલકતની યાદી વડાપ્રધાનને સોંપવા તાકીદ.
- મુંબઇના હીરાના વેપારીએ શેરબજાર અને ક્રિકેટના સટ્ટામાં નુકશાની કરતાં ૪૦ કરોડ સૂરતનાં વેપારીઓનાં ફસાયા.
- અફઘાનિસ્તાનમાં નાટો વિમાનોએ ભૂલથી બોમ્બમારો કરતાં તેમનાં જ સૈનિકો માર્યા ગ્યા.
- વોડાફોન સામે ભારતમાં કરવેરાના સંખ્યાબંધ કેસ, અબજોની જવાબદેહી.
- વંથલી નજીક માતા-પિતાની નજર સમક્ષ બાળકને ફાડી ખાતો દીપડો, ઘટનાથી હાહાકાર.
- જાફરાબાદમાં અજંપાભરી શાંતિ, ચુસ્તપોલીસ બંદોબસ્ત.
- ચોટીલા પાસે ૧૭ તમંચા-રિવોલ્વર સાથે એક વ્યક્તિની ધરપકડ, પાંચ વર્ષથી પરબડી ગામે રહેતો હતો.
- શારદા ચિટ્ફંડનાં કૌભાંડમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સાણસામાં.
- વારંવાર હાથ ધોવાના પ્રવાહી સાબુનાં ઉપયોગથી ચામડી રૂક્ષ બની જાય છે.
- બ્રિટનની સૌથી લકઝુરિયસ બાર્બર શોપ મુંબઇમાં ખુલી, વાળ કપાવવાનો ભાવ રૂા. ૪૧૦૦થી વધુ.
- ખેડૂતો માટે મુશ્કેલી, યુરિયા ખાતરના ભાવમાં ૧૦ ટકાનો વધારો થશે.
- ડેન્માર્કમાં છેલ્લા ૧૦ વર્ષથી ગાયો માત્ર ‘વાછરડા’ને જન્મ આપે છે.
- બી.એસ.એન.એલ. દ્વારા રૂા. ૧૦૯૯માં સ્માર્ટ ફોન લોન્ચ કર્યો. ૧૨૦૦ મીનીટનો ટોકટાઇમ ફ્રી.
- તેલ-બેસનના ભાવ તળીયે છતાં ફરસાણ ભાવ સ્થિર, પુરવઠા-આરોગ્ય તથા સરકારી તંત્ર મૌન.
- ગુજરાતની રૈના સાનિયા મિર્ઝા કરતાં પણ આગળ, મદદ માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીનો આભાર માન્યો.
- ગુજરાતમાં તાપ-બાફ વચ્ચે ચોમાસાની ગતિવિધિ તેજ.
- સોશ્યલ મીડિયા પર અપમાનજનક ટીપ્પણી રોકવા સરકારની કાર્યવાહી.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીને રાષ્ટ્રીય પ્રોજેક્ટની માન્યતા મળે તેવી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની રજૂઆત.

# ફીફા વર્લ્ડ કપની આજે રોમાંચક શરૂઆત

રિયોડી જેનિરિયો,તા.૧૧

યજમાન દેશ બ્રાઝિલમાં જોરદાર દેખાવ અને શ્રેણીબદ્ધ વિવાદ છતાં અબજો ફુટબોલ પ્રેમીઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ફીફા વિશ્વ કપ-૨૦૧૪ની આવતીકાલથી રોમાંચક, રંગીન, દિલધડકરીતે શરૂઆત થઈ રહી છે. હવે એક મહિનાથી પણ વધુ સમય સુધી ફુટબોલ ફીવર રહેશે. છેલ્લા કેટલાક વર્ષથી આની તૈયારીઓ બ્રાઝિલમાં ચાલી રહી હતી. વિશ્વના સૌથી મોટા એક રમતોત્સવ ફુટબોલ વર્લ્ડ કપની આવતીકાલે શરૂઆત થયા બાદ પ્રથમ મેચમાં યજમાન દેશ બ્રાઝિલ પ્રથમ મેચમાં ક્રોએશિયા સામે ટકરાશે. બ્રાઝિલની ટીમ સ્ટાર ખેલાડીઓથી ભરચક છે. તમામની નજર સ્ટાર ખેલાડી નેમાર પર કેન્દ્રિત રહેશે. વિશ્વ કપની ૨૦મી આવૃતિમાં તમામ ટીમો તેમની તાકાત લગાવી દેવા તૈયાર છે. સ્પેન વર્તમાન ચેમ્પિયન છે. આવતીકાલથી આની શરૂઆત થયા બાદ ૧૩મી જુલાઇ સુધી વર્લ્ડ કપની રોમાંચક મેચોનો દોર જારી રહેશે. બ્રાઝીલમાં યોજનાર ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઈન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે. જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ થઈ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઇ હતી.

વિશ્વ કપના ભાગરૂપે કુલ ૬૪ મેચો રમાનાર છે. આ ૬૪ મેચો બ્રાઝીલમાં ૧૨ જુદા જુદા શહેરોમાં રમાશે. ટુર્નામેન્ટની



શરૂઆત ગ્રુપ સ્ટેજથી કરાશે. વિશ્વ કપના ઈતિહાસમાં પ્રથમ વખત મેચો ગોલ લાઈન ટેકનોલોજી મારફતે રમાશે. ઈનામી રકમ પણ ખુબ મોટી રાખવામાં આવનાર છે. વિજેતા બનનાર ટીમને ૩૫ મિલિયન ડોલરની રકમ આપવામાં આવનાર છે. પ્રથમ રાઉન્ડમાં અથવા તો ગ્રુપ સ્ટેજમાં ૩૨ ટીમોને ચાર ટીમના આઠ ગ્રુપમાં વહેચી દેવાશે. બ્રાઝીલમાં ફુટબોલ વિશ્વ કપને લઈને જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે.વર્ષ ૧૯૩૦માં પ્રથમ વર્લ્ડ કપ બાદથી તમામ વર્લ્ડ ચેમ્પિયન આ વર્લ્ડ કપ માટે પણ ક્વોલિફાય થઈ ચુકી છે. જેથી ચાહકોને હાઈ પ્રોફાઈલ મેચો જોવા મળશે. છેલ્લે વર્ષ ૨૦૧૦માં વર્લ્ડ કપમાં સ્પેનની ટીમે નેધરલેન્ડને ૧-૦થી હાર આપીને વર્લ્ડ કપ ટ્રોફી પોતાને નામ કરી હતી. અગાઉના ચાર વર્લ્ડ કપ જે દક્ષિણ અમેરિકામાં યોજાયા છે તેમાં દ.અમેરિકનટીમો જીતી છે.


# સાતમાં વેતન પંચનુ કામ હવે ૧૫ દિવસમાં જ શરૂ

નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્રિય કર્મચારીઓને સાતમાં પગાર પંચના લાભ સમયસર મળે તે માટે નરેન્દ્ર મોદી સરકારે કમર કસી લીધી છે. આના માટે મોદી સરકારે સમયમર્યાદા પણ નક્કી કરી લીધી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આગામી ૧૫ દિવસની અંદર જ આ દિશામાં કામ શરૂ થઈ જશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગે કહ્યું છે કે ૧૫ દિવસની અંદર પંચ સાથે જોડાયેલા અદિકારીઓની નિમણૂંક કરી દેવામાં આવશે. તેમને કામકાજ કરવા માટે તમામ સંશાધન ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે યુપીએ સરકારે તેના કાર્યકાળના છેલ્લા દિવસો દરમિયાન સાતમાં વેતન પંચની રચનાને લીલીઝંડી આપી હતી. પરંતુ ત્યારબાદથી પંચની રચનાની પ્રક્રિયા શરૂ થઈ શકી નથી. સુત્રોએ કહ્યું છે કે સરકાર વાસ્તવમાં એનડીએ સરકારની અગાઉની ભુલોનુ પુનરાવર્તન કરવા તૈયાર નથી. અટલ બિહારી વાજપેયી સરકારના ગાળામાં છઠ્ઠા વેતન પંચની ભલામણોને અમલી કરવામાં વિલંબ થઈ ગયો હતો જેથી ચૂંટણીમાં પક્ષને ભારે નુકસાન થયુંહતુ. વેતન પંચનો લાભ આશરે ૫૦ લાખ કેન્દ્રિય કર્મચારીઓને મળે છે. વેતન પંચની ભલામણોને અમલી બનાવી દેવામાં આવ્યા બાદ રાજ્ય સરકારો પણ આ જ રીતે પોતાના કર્મચારીઓને પગારમાં લાભ આપે છે. આવી સ્થિતીમાં આની વ્યાપક અસર થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારંવાર સારા ગવર્ન્સ માટે અધિકારીઓને વધુ પ્રોત્સાહન આપી રહ્યા છે. તેમને સમયસર કામ કરવા માટે કહી રહ્યા છે.



દેશના કેટલાક ભાગોમાં ચોમાસુ શરૂ થઈ ચુક્યું છે અથવા ચોમાસા પૂર્વેની ગતિવિધિના ભાગરૂપે વરસાદી ઝાપટા પડી રહ્યા છે. ઉત્તર પૂર્વીય ક્ષેત્રના અગરતલામાં ભારે વરસાદ બાદ શેરીઓમાં પાણી ભરાઈ ગયા હતા.



ફૂટબોલ વર્લ્ડ કપ પહેલા ફૂટબોલ ફીવર સમગ્ર વિશ્વમાં ફેલાયો છે જેમાં ભારત પણ બાકાત નથી. ફૂટબોલ ખૂબ લોકપ્રિય છે તેવા કલકત્તાની એક મીઠાઈની દુકાનમાં ફૂટબોલને લગતી કેટલીક મીઠાઈઓએ આકર્ષણ જગાવ્યું છે.

# આરકોમની થ્રીજી સેવા ૧૮ સર્કલોમાં ઉપલબ્ધ

નવી દિલ્હી, તા.૧૧

ટેલીકોમ ઓપરેટર રિલાયંસ કોમ્યુનિકેશને થ્રીજી સર્વિસના પાંચ વધુ સર્કલોમાં લંબાવી દીધી છે.હાલમાં કંપની દેશમાં સૌથી વિશાળ થ્રીજી ફૂટપ્રિન્ટ ધરાવે છે. ૧૩ સર્કલોમાં તેની હાજરી રહેલી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, વધુ પાંચ સર્કલોમાં થ્રીજી સર્વિસ શરૂ કરવામાં આવ્યા બાદ હવે ૧૮ સર્કલોમાં થ્રીજી સર્વિસ ચાલી રહી છે. આની સાથે જ દેશમાં તમામ મોટા મેટ્રોમાં થ્રીજી સેવા ઉપલબ્ધ થઈ ગઈ છે. આરકોમના મુખ્ય કારોબારી અધિકારી ગુરદીપસિંહે માહિત આપતા કહ્યું હતું કે, એક સાથે દેશભરમાં હવે લોકોનો વધુ ફાયદો થશે. આરકોમની થ્રીજી સર્વિસ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ અને ઉત્તરપ્રદેશ પૂર્વમાં ઉપલબ્ધ થશે. દિલ્હી, મુંબઈ, કોલકાતા, પંજાબ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, બંગાળ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, આસામ, ઉત્તરપૂર્વ અને જમ્મુ કાશ્મીર સહિત ૧૩ સર્વિસ વિસ્તારમાં થ્રીજી સર્વિસ પહેલાથી જ ચાલી રહી છે.આરકોમ થ્રીજી ઈન્ટ્રા સર્કલ રોમિંગ સમજુતી એરસેલ સાથે ધરાવે છે.